| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૬/૦૨/૨૦૧૯ | | |
| નોંધ્યા તારીખ | ૦૬/૦૨/૨૦૧૯ | | |
| ફેસલ તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| સમય | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૫ | ૨૨ |

**મહે.માંગરોળના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મુ. માંગરોળ.**

**ફોજદારી કેસ નં. ૧૦૦/૨૦૧૯**

**આંક–**

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** :–
(૧) કારાભાઈ ઉર્ફે કાળુભાઈ નારણભાઈ ચાવડા, ઉ.વ.–૨૯,
રહે. મેખડી, તા.માંગરોળ, જિ.જૂનાગઢ.
(૨) નાગાજણ ઉર્ફે નાગો લીલાભાઈ સુત્રેજા, ઉ.વ.–૩૬,
રહે. સુત્રેજ, તા.કેશોદ, જિ.જૂનાગઢ.
(૩) હાજીભાઈ ડોલરભાઈ દલ, ઉ.વ.–૪૦,
રહે. ખીરસરા, તા.કેશોદ, જિ.જૂનાગઢ.
(૪) ગોવિંદભાઈ ભીખાભાઈ ડાભી, ઉ.વ.–૬૫,
રહે. કારેજ, તા.માંગરોળ, જિ.જૂનાગઢ.
(૫) લખમણભાઈ નાથાભાઈ શામળા, ઉ.વ.–૪૧,
રહે. ઝરીયાવાડા, તા.માંગરોળ, જિ.જૂનાગઢ.
(૬) અરજણભાઈ પાચાભાઈ મોકરીયા, ઉ.વ.–૩૦,
રહે. કાલેજ, તા.માંગરોળ, જિ.જૂનાગઢ.
(૭) રામાભાઈ જીવાભાઈ ગરેજા, ઉ.વ.–૩૦,
રહે. કારેજ, તા.માંગરોળ, જિ.જૂનાગઢ.

**ગુન્હો : જુગાર ધારાની કલમ–૪ અને ૫ મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળી
આરોપીઓ વિ.વ. શ્રી એન.એમ.શેખ

## ચૂ કા દો

૧. આ કામના ફરિયાદી પુંજાભાઈ મેરખીભાઈ ભારાઈ, પો. હેડ કોન્સ., શીલ પોલીસ સ્ટેશન, શીલ નાઓએ તેવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે, આરોપીઓએ ગઈ તા.૨૯/૦૭/૨૦૧૮ ના કલાક–૧૯/૨૦ વાગ્યે કાલેજ ગામે આરોપી નં.૬ અરજણભાઈ પાચાભાઈ મોકરીયા કોળીએ પોતાના અંગત આર્થિક લાભ માટે કાલેજ ગામે પોતાના કબજાના ખેતરના મકાને પોતાના અંગત ફાયદા સારૂ તમામ અન્ય આરોપીઓને બહારથી માણસો ભેગા કરી રૂપિયાની નાલ ઉઘરાવી પોતે તથા તમામ અન્ય આરોપીઓ ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી તીનપતીનો જુગાર રમી રમાડતા જુગારના અખાડામાં રેઈડ દરમિયાન આરોપીઓ પાસેથી કુલ રોકડ રૂા.૫૬,૫૦૦/– તથા મોબાઈલ ફોન કિ.રૂા.૫,૦૦૦/– તથા મોટર સાયકલ નંગ–૨, કિ.રૂા.૩૫,૦૦૦/– તથા જુગારના સાહિત્ય સાથે કુલ કિ.રૂા.૯૬,૫૦૦/– નો મુદ્દામાલ આરોપીઓ પાસેથી મળી આવી તમામ આરોપીઓ પકડાઈ જઈ ગુનો કરેલ હોય આ કામના ફરિયાદીએ આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ આપેલી. શીલ પો.સ્ટે.ગુ.ર.નં.સેકન્ડ ૩૦૩૭/૨૦૧૮ થી આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ હતી. જે તપાસના અંતે અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ–૪ અને ૫ મુજબના ગુનાની પ્લી આંક–૦૪ થી ૧૦ મુજબ નોંધવામાં આવતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરેલ હતી.

૩. સદરહુ કેસના સમર્થન માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u>** :-

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ હાજાભાઈ ચનાભાઈ વાળાની જુબાની | ૧૨ |
| ૨ | બનાવ વાળી જગ્યાનું પંચનામું | ૧૩ |
| ૩ | ખાસ વોરંટ | ૧૪ |
| ૪ | પંચ સાહેદ અશોકભાઈ રામભાઈ મોકરીયાની જુબાની | ૧૫ |
| ૫ | સાહેદ/ત.ક.અ. પંકજભાઈ જેન્તીભાઈ બોદરની જુબાની | ૫૩ |
| ૬ | ફરિયાદ | ૫૪ |

૪. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપી નં.૨ થી ૭ નાઓનું વિશેષ નિવેદન લેવુ જરૂરી જણાતુ હોય આરોપી નં.૨ થી ૭ નાઓનુ વિશેષ નિવેદન લેવામાં આવતા તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવે છે.

આરોપી નં.૧ ને વારંવાર પ્રોસેસ કાઢવા છતાં મળી આવતા ન હોય, તેથી સી.આર.પી.સી. કલમ-૨૯૯(૧) મુજબ આરોપી નં.૧ ની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો આંક-૧ હેઠળ હુકમ કરવામાં આવેલ છે.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વકીલશ્રીની દલીલો સાંભળેલ. ત્યાર બાદ કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

૬. ઉપરોકત હકીકતે સદરહું કામના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૨૯/૦૭/૨૦૧૮ ના કલાક-૧૯/૨૦ વાગ્યે કાલેજ ગામે આરોપી નં.૬ અરજણભાઈ પાચાભાઈ મોકરીયા કોળીએ પોતાના અંગત આર્થિક લાભ

માટે કાલેજ ગામે પોતાના કબજાના ખેતરના મકાને પોતાના અંગત ફાયદા સારૂ તમામ અન્ય આરોપીને બહારથી માણસો ભેગા કરી રૂપિયાની નાલ ઉઘરાવી પોતે તથા તમામ અન્ય આરોપીઓ ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી તીનપતીનો જુગાર રમી રમાડતા જુગારના અખાડામાં રેઈડ દરમિયાન આરોપીઓ પાસેથી કુલ રોકડ રૂા.પ૬,પ૦૦/– તથા મોબાઈલ ફોન કિ.રૂા.પ,૦૦૦/– તથા મોટરસાયકલ નંગ–ર, કિ.રૂા.૩પ,૦૦૦/– તથા જુગારના સાહિત્ય સાથે કુલ કિ.રૂા.૯૬,પ૦૦/– નો મુદ્દામાલ આરોપીઓ પાસેથી મળી આવી તમામ આરોપીઓ પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૪ અને પ મુજબનો ગુનો કરેલ છે.?

ર. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં,

ર. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ અને ર</u>** :–

મુદ્દા નં. ૧ અને ર સંયુકત રીતે સંકળાયેલ હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૮.૧ આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે સૌપ્રથમ ફરિયાદ પક્ષે આંક–૧ર થી પંચ સાહેદ હાજાભાઈ ચનાભાઈ વાળા તથા આંક–૧પ થી અશોકભાઈ રામભાઈ મોકરીયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૩ થી રજુ પંચનામામાં તથા આંક–૧૪ થી રજુ ખાસ વોરંટમાં પોતાની સહી ઓળખી બતાવે છે, આ સિવાય

પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

૮.૨ આ કામે સાહેદ/ત.ક.અ. પંકજભાઈ જેન્તીભાઈ બોદર તેમની આંક–૫૩ ની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેઓ સને–૨૦૧૯માં શીલ પો.સ્ટે.માં પોબેશ્નર પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા. આ ગુનાની આગળની સમગ્ર તપાસ તેઓની અગાઉના પી.એસ.આઇ. શ્રી આર.આર.ચૌહાણ વિગેરેનાઓએ કરેલી. ત્યારબાદ તપાસ તેઓ તરફ ડેપ્યુટ જતા તેઓએ સાધનીક કાગળોનો અભ્યાસ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્ઝશીટ કરેલ. આરોપીઓને જોઇએ ઓળખે તેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી મુકતી રીપોર્ટ છે ઓળખ અંગેની તકરાર નથી. તપાસના કામે તેમને જે ફરીયાદ મળેલ તેમાં ફરીયાદી તરીકે તેઓના પોલીસ સહકર્મી પુંજાભાઇ મેરખીભાઇ ભારાઇની સહી છે જે ફરીયાદ તેમને તપાસના કામે મળેલ તે જ છે જે ફરીયાદ આ કામે આંક–૫૪ થી રજુ રાખેલ છે. તેમને આંક–૧૩ વાળુ પંચનામું બતાવવામાં આવે છે તે આ ગુનાની તપાસના કામે તેમને મળેલ તે જ છે જેમાં રુબરુ તરીકે ઇ.ચા. પી.આઇ. ક્રાઇમ બ્રાંચ, જુનાગઢના જે.એમ.વાળાની સહી છે જે પંચનામું તેમને તપાસના કામે મળેલ તે જ છે.

સદર ફરીયાદી બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ કહેવાતી રેઇડમાં ગયેલ નથી કે તેઓએ આ ગુનાના કામે તપાસ કરેલ નથી. તેઓએ આ ગુનાના કામે ચાર્જશીટ કર્યા સીવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી. રેઇડ વાળા સ્થળની આજુબાજુ ઘણા રહેણાકી મકાનો આવેલા છે અને તેની આગળથી રોડ પણ પસાર થાય છે. આ કામે તેઓએ કે તેમના આગળના તપાસ કરનારે આજુબાજુ વાળા સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તપાસના કામે તેમને રેઇડ વાળા સ્થળના માલીકીના પુરાવા મળેલ નહિ.

૯. આ કામમાં રજુ થયેલ ફરિયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલા સાહેદ/ત.ક.અ. આંક–૫૪ ની ફરીયાદ હકીકતને સમર્થન આપવાનો અને ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ગઈ તા.૨૯/૦૭/૨૦૧૮ ના કલાક–૧૯/૨૦ વાગ્યે કાલેજ ગામે આરોપી નં.૬ અરજણભાઈ પાચાભાઈ મોકરીયા કોળીએ પોતાના અંગત આર્થિક લાભ માટે કાલેજ ગામે પોતાના કબજાના ખેતરના મકાને પોતાના અંગત ફાયદા સારૂ તમામ અન્ય આરોપીને બહારથી માણસો ભેગા કરી રૂપિયાની નાલ ઉઘરાવી પોતે તથા તમામ અન્ય આરોપીઓ ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી તીનપતીનો જુગાર રમી રમાડતા જુગારના અખાડામાં રેઈડ દરમિયાન આરોપીઓ પાસેથી કુલ રોકડ રૂા.૫૬,૫૦૦/– તથા મોબાઈલ ફોન કિ.રૂા.૫,૦૦૦/– તથા મોટરસાયકલ નંગ–૨, કિ.રૂા. ૩૫,૦૦૦/– તથા જુગારના સાહિત્ય સાથે કુલ કિ.રૂા.૯૬,૫૦૦/– નો મુદ્દામાલ આરોપીઓ પાસેથી મળી આવી તમામ આરોપીઓ પકડાઈ જઈ અને પંચો રુબરુ તે અંગેનું પંચનામું કરીને રોકડ રકમ અને જુગારનું સાહિત્ય મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલાનો પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ સદર કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ બનાવવાળી રેઈડની હકીકતને કે તેઓ રેઈડ વખતે પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલાનો કે તેઓની હાજરીમાં પંચનામું રુબરુમાં કરવામાં આવેલાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે. આમ આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદ એ તટસ્થ અને સ્વતંત્ર સાહેદ છે. તેઓને ખોટો પુરાવો આપવાનું કોઈ કારણ સ્વાભાવિક રીતે હોઈ શકે નહીં. આ પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદીના કે અન્ય તપાસવામાં આવેલ પોલીસ સાહેદોના પુરાવાને કોઈ સમર્થન મળતું નથી અને તેથી ફરિયાદીનો પુરાવો સમર્થન વિનાનો જણાય છે. આ ઉપરાંત, આ કામના તપાસવામાં આવેલા સાહેદો પોલીસ અમલદાર છે. તેઓ આ કામના રેડીંગ પાર્ટીના સભ્ય છે. એટલે આ કામના ફરિયાદી ને આરોપી સામેનો ફરિયાદપક્ષનો કેસ

સાબીત થાય તેમાં તેઓને અંગત રસ હોઈ શકે. આ સંજોગોમાં તેઓના પુરાવાને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળવું જરુરી બને છે. પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદીના પુરાવાને લેશમાત્ર સમર્થન મળતું નથી અને તેથી આ કામના આરોપી સામે ફરિયાદપક્ષે ખોટો કેસ કરેલો હોવાની આરોપી પક્ષના વિ.વ.શ્રીની દલીલમાં તથ્ય જણાય છે.

૧૦. આમ, ઉપરોકત ચર્ચાને જોતાં ફરિયાદ પક્ષ આ કામના આરોપીઓ સામે આક્ષેપ કરવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે :

**–<u>// આખરી હુકમ //</u>–**

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી નં.(૨) નાગાજણ ઉર્ફે નાગો લીલાભાઈ સુત્રેજા, રહે. સુત્રેજ, તા.કેશોદ, જિ.જૂનાગઢ, નં.(૩) હાજીભાઈ ડોલરભાઈ દલ, રહે. ખીરસરા, તા.કેશોદ, જિ.જૂનાગઢ, નં.(૪) ગોવિંદ ભાઈ ભીખાભાઈ ડાભી, રહે. કારેજ, તા.માંગરોળ, જિ.જૂનાગઢ, નં. (૫) લખમણભાઈ નાથાભાઈ શામળા, રહે. ઝરીયાવાડા, તા.માંગરોળ, જિ.જૂનાગઢ, નં. (૬) અરજણભાઈ પાચાભાઈ મોકરીયા, રહે. કાલેજ, તા.માંગરોળ, જિ.જૂનાગઢ, નં. (૭) રામાભાઈ જીવાભાઈ ગરેજા, રહે. કારેજ, તા.માંગરોળ, જિ.જૂનાગઢ વાળાઓને જુગાર ધારાની કલમ–૪ અને ૫ અન્વયેના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.(૧) કારાભાઈ ઉર્ફે કાળુભાઈ નારણભાઈ ચાવડા, રહે. મેખડી, તા. માંગરોળ, જિ.જૂનાગઢ વાળાની ગેરહાજરીમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની

કલમ–૨૯૯(૧) અન્વયે આંક–૧ નીચે થયેલ હુકમ મુજબ આખરી હુકમ જાહેર કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મોબાઈલ ફોન તથા મોટરસાયકલનો જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવો તથા જો હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલના માલિકની યોગ્ય ખરાઈ કરી નિયમોનુસાર સંબંધીત પોલીસ સ્ટેશનનાઓએ તેને પરત સોંપવો, જો મુદ્દામાલ માલિક મળી ન આવે તો તે મુદ્દામાલની નિયમોનુસાર હરાજી કરી જે રકમ પ્રાપ્ત થાય તે સરકાર ખાલશા કરવી તથા અન્ય મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી અને બાકીના બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) સદરહું કામના આરોપી નં.૨ થી ૭ નાઓએ ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ સમય દરેક આરોપીએ રૂ.૫,૦૦૦–૦૦ (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકા આપવા.

આજ તારીખ : ૨૮ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુ. માંગરોળ.**
**તા. ૨૮/૦૭/૨૦૨૬.**

**(એસ.પી.ચોપરા)**
**જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માંગરોળ**
**કોડ જીજે ૦૧૩૭૭.**